# શુભાશિષ

**- ડૉ. હેમંતભાઈ પારેખ (ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટ)**



**ડૉ. હેમંતભાઈ પારેખ**

ઘણા વર્ષો પછી શારદામંદિર પરિવારમાં આવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ મને આનંદ થયો છે.

બાલમંદિરમાં ભણતો હતો ત્યારનો 'બાલરથી' મને યાદ છે, તેને આજે પણ હું ભૂલ્યો નથી.

હું પોતે ૧૯૭૪માં એસ.એસ.સી.માં હતો અને બોર્ડમાં ૧૦મું સ્થાન પ્રાપ્ત કરેલ, ત્યારબાદ MBBS થયો, મારા બંને બાળકો પણ આ શાળામાં અભ્યાસ કરીને ડેન્ટીસ્ટ થયા છે. અત્યારે તેઓ પરદેશ છે, તથા મારા પત્નીએ પણ આ શાળામાં યોગશિક્ષિકા તરીકે કાર્ય કરેલ છે. આ રીતે મારો સમગ્ર પરિવાર શાળા સાથે સંકળાયેલ છે.

સંસ્કાર અને સિંચન કરનાર ભૂતપૂર્વ શિક્ષકોને પણ હું યાદ કરું છું.

સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન અને બાકીના વિદ્યાર્થીઓએ નાસીપાસ થવાની જરૂર નથી, કઠોર પરિશ્રમ એ જ વિકલ્પ છે.

જેમ મારો ધર્મ ડૉક્ટર તરીકે દર્દીને સાજા કરવાનો છે અને શ્રી વિપુલભાઈનો ધર્મ ન્યાય આપવાનો છે તે રીતે તમારે વિદ્યાર્થી તરીકે તમારો ધર્મ સારી રીતે ભણવાનો છે. અમારા સમયમાં ટી.વી. અને મોબાઈલ જેવા પ્રલોભનો ન હોતા. તમારે આ પ્રલોભનો વચ્ચે જ ભણતર પર ફોકસ કરવાનું છે અને આ જ તમારો પાયો છે. મજબૂત ઈમારત માટે પાયો મજબૂત હોવો જરૂરી છે. ભણવામાં ફોકસ કરશો તો ક્રમ આવશે.

આ શાળામાં મારું સારામાં સારુ ઘડતર થયું છે. બધા વિદ્યાર્થીઓને મારા શુભાશિષ - તમે મહેનત કરો અને તમને સિધ્ધિ મળશે.